## ધી હેલ્પીંગ હેન્ડસ
Reg. No. E-8602
ક્રિશ્ચિયન પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ, અમદાવાદ
www.helpinghandsgujarat.org
Email : info@helpinghandsgujarat.org

### મુખ્ય કાર્યાલય
૯/૧૯૮, મ્યુ. ક્વાર્ટર્સ, મેથોડિસ્ટ ચર્ચ સામે,
સિયોનનગર, મણિનગર (પૂર્વ),
અમદાવાદ - ૩૮૦ ૦૦૮.
ગુજરાત, ભારત
ફોન : ૯૩૨૮૯૨૫૭૩૪

વર્ષ : ૩૦ અંક : ૬
એપ્રિલ-જૂન
૨૦૧૯

હેલ્પીંગ હેન્ડસ દ્વિમાસિક પ્રસિદ્ધ
થતી પત્રિકા
ફક્ત ખાનગી વિતરણ માટે



### ટ્રસ્ટના હોદ્દેદારો

| | |
|---|---|
| પ્રમુખ | : શ્રી એડવીનભાઈ ક્રિશ્ચિયન |
| મો. | : ૯૩૨૮૯૨૫૭૩૪ |
| ઉપપ્રમુખ | : શ્રી સેમ્યુલ ક્રિશ્ચિયન |
| મો. | : ૭૫૬૭૯૮૮૧૫૧ |
| સેક્રેટરી | : શ્રી એડવિન પરમાર |
| મો. | : ૯૪૨૮૩૩૧૫૨૭ |
| જો. સેક્રેટરી | : શ્રી સોલોમન ક્રિશ્ચિયન |
| ખજાનચી | : શ્રી વેસ્લી જમીનદાર |
| ટ્રસ્ટી | : શ્રી રોબિન્સન ક્રિસ્ટી |
| ટ્રસ્ટી | : શ્રી ચંદ્રવદન કાપડિયા |
| ટ્રસ્ટી | : શ્રી સેમ્યુલ કે. ક્રિશ્ચિયન |
| ટ્રસ્ટી | : શ્રી ઓલ્વિન વાઘેલા |



પ્રકાશક : હેલ્પીંગ હેન્ડસ
મુદ્રક : નોએલ પ્રિન્ટર્સ
જમાલપુર, અમદાવાદ મો. : ૯૯૨૪૬૩૧૫૪૨
Email : davisfrank605@gmail.com


# પ્રમુખશ્રીની કલમે

મારા પ્રિય સાથીઓ,

પ્રભુ ઈસુ ખ્રિસ્તના પ્રેમી નામમાં આપ સહુને ટ્રસ્ટી મંડળની પ્રેમી સલામ, પરમેશ્વર પિતા આપને તથા આપના પરિવારને સાચવે, સંભાળે, બચાવે અને અનેકવિધ આશિર્વાદોથી ભરપૂર કરે તેવી પ્રાર્થના પ્રભુ તેમના પવિત્ર ચરણોમાં માન્ય કરે.

વિશ્વની સૌથી મોટી લોકશાહી ધરાવતા ભારત દેશમાં આપણે આઝાદી સાથે રહીએ છીએ. ૧૫ ઓગષ્ટ ૧૯૪૭થી ભારત દેશ આઝાદ છે. આ વર્ષે આજ તારીખ અને માસમાં ૭૩ મા સ્વાતંત્ર દિનની ઉજવણી સમગ્ર ભારત દેશમાં થશે. યશોગાથા અને કીર્તિગાનો સાથે શહિદોને યાદ કરવામાં આવશે. ભારતભરમાં જાતજાતના અને ભાતભાતના કાર્યક્રમો યોજાશે. આ એક દિવસ પછી "વહી રફતાર ઓર વોહી ઢાંચા". સુશાસન માટે આજે પણ ઘણા ઉંમર વયસ્ક વ્યક્તિઓ અંગ્રેજોને યાદ કરે છે. અગાઉ ઘણા વર્ષો પહેલા દુનિયાના ઘણા બધા દેશોમાં અંગ્રેજ સામ્રાજ્ય હતુ. સમયાંતરે જુદા જુદા દેશોએ આઝાદી મેળવી. આ બધામાં આંખે ઊડીને વળગે તેવા દેશોમાં અમેરિકા અને ઈઝરાયેલ છે. આઝાદી મળતા આ દેશના નેતાઓએ પરમેશ્વર પિતાના સિધ્ધાંતોનો સ્વીકાર કરી વહીવટ શરુ કર્યો. ગીતશાસ્ત્ર ૩૩:૧૨ પ્રમાણે "જે પ્રજાનો દેવ યહોવા છે અને જે લોકને તેણે વારસાને સારુ પસંદ કર્યા છે તેઓને ધન્ય છે." આ આધાર વચનને આશરે આ બંન્ને દેશોએ શાસન શરુ કર્યું. આજે જુઓ દુનિયાભરના જગત જમાદાર તરીકે અમેરિકા પ્રસ્થાપિત થયેલ દેશ છે. નાનકડું ઈઝરાયેલ ૧૭ રાષ્ટ્રોની વચ્ચે ઘેરાયેલું છે. ગુજરાત રાજ્ય જેટલો આ યહુદી રાષ્ટ્ર જેને કોઈ કાંકરીચાળા કરી શકતું નથી કે તેનું નામ લઈ શકતું નથી. આ બંન્ને રાષ્ટ્રો દુનિયાના બધા દેશો કરતા દૂધ મધથી છલોછલ ભરેલા સમૃધ્ધ રાષ્ટ્ર તરીકે જાણીતા બન્યા છે.

આજે આપણા ભારત દેશની શું પરિસ્થિતિ છે તે સમગ્ર વિશ્વની સાથે દેશનો એક આમ આદમી સારી રીતે જાણે છે. આ વર્તમાન પ્રવાહમાં આપણે વિશ્વાસીઓ તરીકે શું કરી શકીએ ? આપણા ભાઈ-બહેનો અને સમાજ પ્રત્યે આપણું શું પ્રદાન હોઈ શકે ? આપણા અંદરો અંદરના આંતરિક ડખાઓમાં આપણે સમાજને ક્યાં લઈ જઈશું ? નવી પેઢીને આપણે વારસામાં શું આપી શકીશું ?

આજે પરિસ્થિતિ જે કંઈ હોય, સમસ્યાનો રાફડો ફાટ્યો હોય, અસલામત વાતાવરણ હોય તેમ છતાં આ બધામાં આપણે સહુએ જાગૃત ખ્રિસ્તી વ્યક્તિ બનીને ઘરની બહાર આવવું પડશે. ઈશ્વર પિતાએ દરેક

ખ્રિસ્તી જનને જુદાજુદા તાલંતો આપેલા છે તેનો ઉપયોગ બીજાઓ માટે કરવો પડશે. નવા કરારમાં પાઉલે એફેસીઓને જણાવ્યું હતું કે "ઈશ્વરની કૃપાથી વિશ્વાસ મારફતે તારણ પામેલ પ્રભુ ઈસુના સ્વતંત્ર નાગરિકો આપણે છીએ. આપણે ઈશ્વરની કૃતિ છીએ સારી કરણીઓ કરવાને ખ્રિસ્તી ઈસુમાં આપણને ઉત્પન્ન કરવામાં આવ્યા છે." પ્રભુ પિતાએ અગાઉથી નક્કી કર્યું છે કે આપણે એકબીજાને આગળ વધારવા માટે ભલાઈના કાર્યોમાં જોતરાઈએ. એફેસીઓએ પાઉલના આ સૂચનને સ્વીકાર્યુ અને મંડળી તરીકે સધ્ધરતા પ્રાપ્ત કરી આજે મંડળી તરીકે આપણે શું કરી રહ્યા છીએ ? પાઉલ પ્રેરિત આજે પણ આપણને કહે છે કે "હવે આપણે પારકા તથા વિદેશી નથી, પણ પવિત્રોની સાથેના એક નગરના રહેવાની તથા ઈશ્વરના કુટુંબની વ્યક્તિ છીએ."

વ્હાલા સાથીઓ દિશા શૂન્ય બની ગયેલા સમાજને આપણે જ નવી દિશા અને નવી રાહ બતાવવી પડશે. તૂટતા કુટુંબો, મંડળીઓ અને સમાજને એકતાના બંધનમાં બાંધવા પડશે. આપણા ખ્રિસ્તી મૂલ્યોનું જતન આપણે જ કરવું પડશે. આ બધા કાર્યો જો આપણે બધા ખભે ખભો મિલાવીને કરીશું તો બીજાઓને ભારત દેશની સ્વતંત્રતાની સમજણ પ્રાપ્ત થશે. ભારત ભરમાં ખ્રિસ્તીઓ તરીકે આપણી એક નવી ઓળખ ઊભી થશે. લોકો સાચી સ્વતંત્રતાને માણશે અને સુખી થશે. આ બધામાં પરમેશ્વર પિતાને માનમહિમા અને ગૌરવ મળશે.

પ્રભુ આપ સર્વને તથા આપની સેવાઓને આશીર્વાદિત કરે.

આપનો સાથી
એડવિન ક્રિશ્ચિયન

# ભણે ગુજરાત

ખ્રિસ્તી સમાજની એકેએક વ્યક્તિને આજે અનેક પ્રકારના પડકારોનો સામનો કરવાનો આવ્યો છે. વર્તમાન પ્રવાહમાં સમાજની કાયાપલટ અને ઉત્થાનની તાતી જરૂર છે. સંસારના ભૌતિકવાદ અને ધાર્મિકવાદની સામે ખ્રિસ્તીઓએ સામુહિક રીતે બહાર આવવાની જરૂર છે. માનવતાવાદી અને ભલાઈના કાર્યો કરવા માટે દરેકે કર્મશીલ અને શિક્ષિત બનવું પડશે. મનુષ્ય શિક્ષણથી જ સુદૃઢ, શિક્ષિત અને સંસ્કારી બને છે. આ બધા પરિબળોને ધ્યાનમાં રાખીને આપણી સંસ્થાએ વિદ્યાર્થીઓ માટે રૂા. ૨,૩૦,૦૦૦ (બે લાખ ત્રીસ હજાર) રૂપિયાના નોટો-ચોપડા ખરીદ્યા છે. કુલ ત્રણ હજારથી વધુ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સારા અભ્યાસ માટે નોટો-ચોપડા સંસ્થા દ્વારા આપવામાં આવ્યા છે. આ મોટા પ્રયત્નને પહોંચી વળવા માટે જે દાતાઓએ મોટી રકમ દાન પેટે આપી છે તે બધાનો સંસ્થા આભાર માને છે. પરમેશ્વર પિતા આ કાર્યમાં સામેલ છે તે દરેકને અનેકવિધ આશીર્વાદોથી ભરી દે તેવી પ્રાર્થના વિનંતી અને કાલાવાલા પ્રભુ માન્ય કરે.

# નોટો-ચોપડા વિતરણ કાર્યક્રમ

તા. ૧૨-૬-૨૦૧૯ની વહેલી સવારે પ્રાર્થના સહિત પ્રમુખશ્રીના ઘેરથી દક્ષિણ ગુજરાતના આદિવાસી બાળકો માટે ૬૦૦ ડઝન નોટો-ચોપડા ટેમ્પો ટ્રાવેલ્સમાં ભરીને નીકળ્યા હતા. આ મોટા સેવા કાર્ય માટે પ્રમુખશ્રી એડવિનભાઈ, ઉપપ્રમુખ શ્રી સેમ્યુલભાઈ, સેક્રેટરીશ્રી એડવિનભાઈ પરમાર, ટ્રસ્ટી શ્રી રોબિનભાઈ, સી.ટી.એમ. બ્રાન્ચના સેક્રેટરીશ્રી વિનુભાઈ, જો. સેક્રેટરી શ્રી જસ્ટીન કોની, મહેમદાવાદના કાર્યકરશ્રી જયપ્રકાશ ક્રિશ્ચિયન જોડાયા હતા. આ આખી ટીમ સાથે છેલ્લા ચાર વર્ષથી સંસ્થાના કાર્યકર ન હોવા છતાં ટ્રસ્ટને ખૂબ જ મદદરૂપ બનનાર શ્રીમતી મણીબેન હેન્રી અને શ્રી યોહાનભાઈ મેકવાન પણ સામેલ થયા હતા.

અમદાવાદથી ખેરગાંવ ૧૨:૩૦ કલાકે પહોંચી ગયા હતા. ખેરગાંવ ખાતે છોકરાઓની હોસ્ટેલમાં ધોરણ ૧ થી ૧૨માં ૭૫

છોકરા અભ્યાસ કરે છે. હોસ્ટેલના મધ્યખંડમાં લાભાર્થી, વિદ્યાર્થીઓ, હોસ્ટેલના વ્યવસ્થાપકો અને સંસ્થાના આગેવાનો ઉપસ્થિત થયા હતા. વિદ્યાર્થીઓએ ઢોલક અને ખંજરીના તાલ સાથે તાળીઓ પાડીને ઈશ્વરસ્તુતિના ગીતો ગાયા હતા. અસહ્ય ગરમીનું વાતાવરણ હોવા છતાં કોઈના મુખ ઉપર ગરમીની અસર દેખાતી ન હતી. માત્ર ને માત્ર આનંદ જ હતો. હોસ્ટેલના વોર્ડન રમેશભાઈએ સહુનો આવકાર કરી આભાર માન્યો હતો. ટ્રસ્ટ પ્રમુખશ્રીએ વિદ્યાર્થીઓને અનુલક્ષીને વક્તવ્ય આપ્યું હતું. ત્યાર બાદ નોટો ચોપડાનું વિતરણ જુદા જુદા સેવકોના હસ્તે કરવામાં આવ્યું હતું. આ સમયે કપરાડા ખાતે હોસ્ટેલ ચલાવતા રેખાબેન અને મહારાષ્ટ્રની સરહદે પેન્ટ ખાતે હોસ્ટેલ ચલાવતા શ્રી આનંદભાઈ હાજર રહ્યા હતા. આ બંને હોસ્ટેલના બાળકોને પણ નોટો ચોપડા આપવામાં આવ્યા હતા. આખો કાર્યક્રમ આશીર્વાદિત રહ્યા હતો.

આજ દિવસે બળબળતા ખરા બપોરે ખેરગાંવથી ચોસપાડા ગામની મુસાફરી શરૂ થઈ. સમી સાંજે અમારી મુસાફરી પૂર્ણ થઈ. આ સ્થળે શ્રી મોતીભાઈ અને શ્રી અનિલભાઈ નામના બે યુવાનો દિકરીઓની હોસ્ટેલ ચલાવે છે. અહીંની ૫૬ દિકરીઓએ આવેલા સહુ મહેમાનોનો આવકાર કર્યો હતો. દિકરીઓના હૈયામાં આનંદ અને મુખ ઉપર સ્મિત હતું. કારણ કે તેમને અભ્યાસ માટે નવા નોટો ચોપડા મળવાના હતા. રાત્રે ૮:૩૦ કલાકે ચોસપાડાની હોસ્ટેલમાં ૫૬ દિકરીઓ, સ્થાનિક કાર્યકરો અને સંસ્થાના સેવકો મિટિંગમાં હાજર થયા હતા. બધી જ દિકરીઓ નવા કપડાં પહેરીને તૈયાર થઈ હતી. આ બાળાઓએ પણ ઈશ્વરસ્તુતિથી મિટિંગની શરૂઆત કરી બુલંદ કંઠે પ્રભુના ગીતો ગાયા હતા. સેવાનું બહુ મોટું કાર્ય કરનાર મોતીભાઈ અને અનિલભાઈએ સહુનો હૃદયના ઉમળકાથી આવકાર કર્યો હતો. આ મિટિંગમાં પ્રમુખશ્રી અને મણિબેન હેન્રીએ સેવાકાર્યની જાણકારી આપી હતી. પરમેશ્વર પિતાના જીવંત વચનોનો ખુલાસો પ્રભુના સેવક શ્રી યોહાનભાઈ મેકવાને કર્યો હતો. બધી જ દિકરીઓને નોટો-ચોપડા આપવામાં
આવ્યા હતા. આ સાથે હોસ્ટેલની જરૂરિયાત જાણીને નાણાકિય મદદ પણ કરવામાં આવી હતી. રાત્રીનું ભોજન સહુએ સાથે લીધું હતું.

તા. ૧૩-૬-૨૦૧૯ની વહેલી સવારે સેવકો નાહી-ધોઈને તૈયાર થયા. ઈશ્વર પિતાના જીવંત વચનો વાંચી, પ્રાર્થના કરવામાં આવી. ચા-નાસ્તો કર્યા પછી ચાર કિલોમીટર દૂર પીપલપાડા ગામે પ્રાથમિક શાળા છે. આ આખો વિસ્તાર પછાત અને ગરીબ છે. સ્થાનિક આચાર્યની વિનંતીને માન્ય રાખતાં ધોરણ ૧ થી ૮ના વિદ્યાર્થીઓને નોટો-ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. નવા ચોપડા મળતા ગામડાના બાળકો ખુશખુશાલ થઈ ગયા હતા. આજ ગામમાં સરકારી હાઈસ્કૂલ છે જેમાં ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. હાઈસ્કૂલમાં પ્રિન્સીપાલ ક્રિશ્ચિયન બહેન છે. આ શાળામાં પણ વિતરણ કરવામાં આવ્યું હતું. મોટા વિદ્યાર્થીઓને સંબોધન કરતા ટ્રસ્ટ પ્રમુખે જણાવ્યું હતું કે તમે દેશનું ભવિષ્ય છો. સારા અભ્યાસ થકી તમે દેશના સારા નાગરિક બનશો અને એમ ભારત દેશ વિકાસ પામશે. પ્રિન્સીપાલ બહેને સંસ્થા તથા આગેવાનોનો આભાર માન્યો હતો. અહીંથી થોડે દૂર જામલિયા નામે ગામ છે. અહીં પણ ધોરણ ૧ થી ૮ની શાળા ચાલે છે. આ લોકલબોર્ડની શાળામાં પણ વિદ્યાર્થીઓને નોટો ચોપડા આપવામાં આવ્યા હતા. શાળાના શિક્ષકોએ બધાનો આભાર માન્યો હતો. આ સમગ્ર વિસ્તારમાં હેલ્પીંગ હેન્ડસ છેલ્લા ચાર વર્ષથી નોટો-ચોપડા અને અનાજની કિટ્સ આપે છે.

દક્ષિણ ગુજરાતના વાંસદા મુકામે મુક્તિફોજની ગર્લ્સ હોસ્ટેલ ચાલે છે. ધો. ૧ થી ૧૨માં ભણતી ૫૬ દિકરીઓ નિવાસ કરે છે. આ હોસ્ટેલનું સંચાલન કેપ્ટન સુમિત્રાબેન ખૂબ જ સારી રીતે કરે છે. અમારી આખી ટીમ વાંસદા મુકામે આવી પહોંચી. કેપ્ટન બાઈએ અમારો આવકાર કર્યો હતો. બપોરના ભોજનની વ્યવસ્થા પણ કરી હતી. ભોજન લીધા બાદ વિતરણ કાર્યક્રમ શરૂ કર્યો હતો. હોસ્ટેલની બાળાઓ દ્વારા મધુર ગીતોની રમઝટ બોલાવી હતી. અદ્‌ભૂત નૃત્ય દ્વારા દિકરીઓએ આવકાર ગીત રજૂ કર્યું હતું. પ્રમુખશ્રીએ ટીમનો પરિચય અને સંસ્થાના કાર્યો વિશે જાણકારી આપી હતી. આ સાથે પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું. આગેવાનો દ્વારા દરેક બાળાઓને નોટો-ચોપડા આપવામાં આવ્યા હતા. અભ્યાસની સામગ્રી મળતા બધી દિકરીઓ ખુશખુશાલ થઈ ગઈ હતી. દક્ષિણ ગુજરાતમાં વિતરણ કાર્ય પૂર્ણ થતાં રાત્રે ૧:૦૦ કલાકે અમારી ટીમ અમદાવાદ મુકામે પરત ફરી હતી. આ આખા વિતરણ કાર્યક્રમમાં શ્રી જયપ્રકાશભાઈ, શ્રી જસ્ટીનભાઈ અને શ્રી વિનુભાઈ ચૌહાણ ભારે જહેમત ઉઠાવી હતી. આ વિતરણ કાર્યમાં જે સેવકો સામેલ હતા તેઓનો સંસ્થા આભાર માને છે.

## વિવિધ બ્રાન્ચના સમાચાર

### ટ્રસ્ટના સમાચાર

| | |
|---|---|
| ૧૪૦૦૦ | ટેમ્પલ કોર ચર્ચ સી.ટી.એમ. દ્વારા નોટો ચોપડા માટે દાન મળેલ છે. |
| ૧૦૦૦૦ | એક વિશ્વાસુ સેવક ચોસપાડા હોસ્ટેલ માટે સ્પે. દાન આપેલ છે |
| ૧૫૦૦ | સતિષકુમાર મેકવાન (આણંદ) આભાર સ્તુતિ પેટે દાન આપેલ |
| ૧૦૦૦ | જેસન કેલ્વીન (યુ.એસ.એ) તરફથી વિદ્યાર્થીઓ માટે સ્પે. દાન |

❖ **મરણનોંધ :** આપણી વડોદરા બ્રાંચમાં સનિષ્ઠ કાર્યકરો છે. આ કાર્યકરોમાં શ્રી પ્રકાશકુમાર સક્સેના અને ઈશ્વરભાઈ કે. ક્રિશ્ચિયન ખૂબ જ કાર્યરત હતા. પરમેશ્વર પિતાની યોજનામાં બંન્ને કાર્યકરો આજે પ્રભુપિતાની પવિત્ર ગોદમાં છે. આ દુ:ખદ પ્રસંગે ટ્રસ્ટી મંડળના સભ્યો અને બ્રાંચના કાર્યકરોએ સ્વર્ગસ્થના કુટુંબીજનોની મુલાકા કરી હતી. સાક્ષી, મનન અને પ્રાર્થના દ્વારા દુ:ખિતોને દિલાસો પાઠવ્યો હતો. વડોદરા બ્રાન્ચમાં પરમેશ્વર પિતા નવા કાર્યકરો લાવે તેવી પ્રાર્થના.

❖ આણંદ ખાતે રહેતા આપણા દાતા શ્રી સતીષકુમાર મેકવાનના મમ્મી સ્વર્ગવાસી થયા છે. આ કુટુંબની મુલાકાત ટ્રસ્ટીઓ, પી.કે. પરમાર અને કર્નલ ડેવિડ સેવક સાહેબે લીધી હતી. કુટુંબીજનોને દિલાસો પાઠવ્યો ઓ. સતીષકુમાર તરફથી રૂા. ૧૫૦૦ દાન આપવામાં આવ્યું હતું.

❖ બહેરામપુરા ખાતે પ્રભુના સેવક વિકલીફભાઈ રહે છે. અગાઉ તેઓ હે.હે. માં કાર્યરત હતા. તેઓના કુટુંબની શુભેચ્છા મુલાકાત ટ્રસ્ટી મંડળના સભ્યોએ લીધી હતી. સ્વ. અનુભાઈના સમયે તેમણે કરેલી કામગીરીની યાદ અપાવી હતી. બાઈબલ વાંચન, મનન અને પ્રાર્થના દ્વારા કુટુંબને ઉત્તેજન પૂરુ પાડ્યું હતું. તેમના મમ્મી શ્રીમતી તારાબેનની મુલાકાત કરવામાં આવી હતી. આ કુટુંબને પ્રભુ આશીર્વાદીત કરે એ જ પ્રાર્થના.

❖ ચોસપાડા ખાતે કન્યા હોસ્ટેલ ચાલે છે. જેમાં ૫૬ દિકરીઓ રહે છે અને અભ્યાસ કરે છે. ગુજરાતમાં "વાયુ" વાવાઝોડુ ત્રાટક્યું ત્યારે આ હોસ્ટેલના પતરાં અને ભીંતો પડી ગઈ હતી. મોટુ નુકશાન થયું હતું. ક્યાં આશરો મેળવવો તે પ્રશ્ન હતો. સંચાલકોએ ટ્રસ્ટી મંડળને વોટ્સ અપ પર ફોટા મોકલી બધી જાણકારી આપી. ટ્રસ્ટી મંડળે ગંભીરતાની નોંધ લીધી ટ્રસ્ટી મંડળના સભ્યોએ બે હજાર લેખે ૨૫૦૦૦/- રૂા. ભેગા કર્યા એક દાતાને આ અંગે જણાવવામાં આવ્યું પ્રભુના આ સેવકે પણ તાત્કાલિક રૂા. ૧૦,૦૦૦/- સહાય પેટે આપ્યા એમ કુલ મળી ૩૫૦૦૦ /- રૂા. ની સહાય તે હોસ્ટેલમાં મોકલી આપી. સંચાલકોએ આભાર માન્યો હતો.

❖ આપણી સંસ્થાએ ચાર્ટડ એકાઉન્ટ દ્વારા બધી જ બ્રાન્ચોનું ઓડીટ કરાવ્યું છે. ચાર ઓડિટરો દ્વારા હિસાબ-કિતાબ તપાસવામાં આવ્યા હતા. વાર્ષિક ઓડિટનું કાર્ય પૂર્ણ થયું છે.

### સેટેલાઈટ વિસ્તાર

આ વિસ્તારમાં શ્રી પેટ્રીકદાદા, શ્રી ડેનિસભાઈ પરમાર, શ્રી એસ. ડી. ક્રિશ્ચિયન સારું એવું કાર્ય કરે છે. આ સાથીઓએ દાતાઓની મુલાકાતમાં દાતાઓ તરફથી દાન મળેલ છે.

| | |
|---|---|
| શ્રી ઈમાનુએલ વી. અભયકુમાર | ૫૦૦/- |
| હેમાંગીની એસ. મેકવાન | ૨૦૦૦/- |
| મનાશેહ એસ. ગામડિયા | ૫૦૦/- |
| ઈલિઝાબેથ એમ. ક્રિસ્ટી | ૫૦૦/- |
| કુ. અમી મનાશેહ ક્રિસ્ટી (યુ.કે.) | ૫૦૦/- |
| માલવ મનાશેહ ક્રિસ્ટી (યુ.કે.) | ૫૦૦/- |

સેટેલાઈટ વિસ્તારના આપણા કાર્યકર ડૉ. ડેનિસ પરમાર સાહેબને એક્સીડન્ટ થયેલ છે. તેઓશ્રી માટે પ્રાર્થના કરવા વિનંતી.

### મદદ

પ્રભુના સેવક શ્રી રવિકાન્ત જોસેફ ચૌહાણ ભાલેજના વતની છે. હાલ ઈઝરાયેલ ખાતે રહે છે. જયપ્રકાશભાઈએ તેમને હેલ્પીંગ હેન્ડસની સેવાઓ જણાવી ત્યારે આ દાતાએ જણાવ્યું કે હું જ્યાં સુધી ઈઝરાયેલમાં છું ત્યાં સુધી દર મહિને રૂા. ૨૦૦૦/- લાભાર્થીઓને કિટ્સ માટે આપીશ. ઈશ્વરપિતાને પ્રાર્થના કે આ સેવકને ઈઝરાયેલમાં આશીર્વાદિત કરે. રવિકાન્તભાઈનો આ સંસ્થા આભાર માને છે.

આ વિસ્તારના બધા દાતાઓ માટે પ્રભુનો આભાર.

❖ દક્ષિણ ગુજરાતમાં એબલભાઈ ક્રિશ્ચિયન સેવા કાર્ય કરે છે. તેઓના સહકારમાં લાદેલા, લંકાઈ, મોટી ચીંદી, બોરવણિયા, લાલાવાડા, જાંબોલી અને સવાંડા ગામે વિદ્યાર્થીઓને નોટો-ચોપડા આપવામાં આવ્યા હતા.

❖ ગુજરાતની સરહદે રાજસ્થાન એરિયા આવેલો છે. અહીં

ઈસુદાસ પરમાર સેવક મિશનેરી કાર્ય કરે છે. તેમના સહકારથી વાંસવાડા તાલુકાના ગામોમાં નોટો-ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

- ❖ સી.ટી.એમ. હિરાબાગ ખાતે હોસ્ટેલ ચાલે છે. અહીંના વિદ્યાર્થીઓને નોટો-ચોપડા આપવામાં આવ્યા હતા.
- ❖ તાપી જિલ્લાના કોલવણ તાલુકાના કસવાવ, ગડદ, ઉમરકચ્છ ગામોમાં વિદ્યાર્થીઓને નોટો-ચોપડા આપવામાં આવ્યા હતા.

**મણિનગર બ્રાન્ચ સમાચાર**

**એપ્રિલ મે - જૂન ૨૦૧૯ (કાંતિભાઈ મેકવાન દ્વારા)**

(૧) પરિવાર સભ્યશ્રી જોડ્રી-જોય. જોસેફ તથા તેઓનાં માતુશ્રી ઉર્મિલાબેન યુ.એસ.એ. થી કુટુંબની મુલાકાતે ભારત આવતાં બ્રાન્ચનાં કાર્યકરોદ્વારા પરિવારજનોની મુલાકાત કરવામાં આવી હતી. અને બાઈબલ વાંચન તથા પ્રાર્થના દ્વારા પ્રભુનો આભાર માનવામાં આવ્યો હતો.

(૨) પરિવાર સભ્યશ્રી નેન્સીબેન ગીરીશભાઈ ક્રિશ્ચિયન પોતાના દિકરાને કેનેડા ખાતે મુલાકાત અર્થે જતાં બ્રાન્ચના કાર્યકરો દ્વારા કુટુંબની મુલાકાત કરવામાં આવી હતી. તથા બાઈબલ વાંચન તથા પ્રાર્થના દ્વારા પ્રભુનો આભાર માનતા તેમની મુસાફરીને પ્રભુ આશીર્વાદિત કરે એ માટે પ્રભુપિતાને પ્રાર્થના દ્વારા વિનંતી કરવામાં આવી હતી. તેમના દિકરા એલેક્ષ રે. કેનેડા તરફથી રૂા. ૫૦૦૦/- શૈ. દાન મળેલ છે. દાન માટે કુટુંબનો આભાર

(૩) પરિવાર સભ્યશ્રી હસમુખ પી. માલવિયા ૩૭ વર્ષની લાંબી નોકરી સેન્ટ્રલ બેંકમાં પુરી કરીને પ્રભુ કૃપાથી સુખરૂપ નિવૃત્ત થતાં તેમના પરિવારની બ્રાન્ચનાં કાર્યકરો દ્વારા મુલાકાત કરવામાં આવી હતી. અને બાઈબલ વાંચન તથા પ્રાર્થના દ્વારા પ્રભુનો આભાર માનવામાં આવ્યો હતો. હસમુખ પી. માલવિયા તરફથી નોટબુક ચોપડા વિતરણના કાર્યક્રમમાં દાન પેટે રૂા. ૨૦૦૦/- બ્રાન્ચને આપવામાં આવ્યા છે. બ્રાન્ચ તેમનો ખુબ આભાર માને છે. તથા હવે પછીના તેમના નિવૃત્તીના વર્ષમાં પ્રભુ તેમને તમામ પ્રકારે સંભાળે એ માટે પ્રાર્થના તથા શુભેચ્છા પાઠવે છે.

(૪) પરિવાર સભ્ય ઈવાન્સભાઈ જે. ક્રિશ્ચિયન પ્રભુમાં ઉંઘી જતા બ્રાન્ચના કાર્યકરો દ્વારા પરિવારની મુલાકાત કરવામાં આવી હતી. તથા બાઈબલ વાંચન તથા પ્રાર્થના દ્વારા કુટુંબને દિલાસો પાઠવવામાં આવ્યો હતો.

(૫) પરિવાર સભ્ય રાજેશભાઈ ક્રિશ્ચિયન ૩૯ વર્ષની આશિષમય નોકરી બી.એસ.એન.એલ.માંથી પુરી કરીને સુખરૂપ નિવૃત્ત થતાં બ્રાન્ચનાં કાર્યકરો દ્વારા તેમની મુલાકાત કરવામાં આવી હતી. તથા બાઈબલ વાંચન તથા પ્રાર્થના દ્વારા તેમને શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

(૬) મણિનગર હેલ્પીંગ હેન્ડસના માનવંતા પ્રમુખશ્રી જયંતિભાઈ મેકવાન અચાનક બિમાર થઈ જતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તથા પ્રભુ કૃપાથી આ પ્રભુના સેવકને પ્રભુએ તેની મોટી કૃપામાં સાજા કરી આપ્યા છે. માટે બ્રાન્ચનાં કાર્યકરો પ્રભુનો ખૂબ આભાર માને છે. પ્રમુખશ્રી તથા તેમના પરિવારની બ્રાન્ચનાં કાર્યકરો દ્વારા મુલાકાત કરવામાં આવી હતી. તથા બાઈબલ વાંચન તથા પ્રાર્થના દ્વારા પ્રભુપિતાનો આભાર માનવામાં આવ્યો હતો. તથા પ્રભુ પ્રમુખશ્રી તથા હેમલતા બેનને તમામ પ્રકારે પ્રભુ સંભાળે એ માટે પ્રાર્થના તથા શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

(૭) રેનીસન અર્વિનભાઈ ક્રિશ્ચિયન તરફથી રૂા. ૧૦,૦૦૦નું શૈક્ષણિક દાન મળેલ છે. દાન માટે કુટુંબનો હૃદયપૂર્વક હેલ્પીંગ હેન્ડસ સંસ્થા આભાર માને છે. કુટંબને ઈશ્વરપિતા આશિષ આપે.

(૮) પારૂલ સોસાયટીમાં રહેતા પરીવાર સભ્ય શ્રી રાજુભાઈ બી.એસ.એન.એલ.ની સેવામાંથી નિવૃત્ત થતાં બ્રાંચના કાર્યકરો મારફતે તેઓની મુલાકાત કરી શુભેચ્છા પાઠવવામાં આવી બાઈબલ વાંચન તથા પ્રાર્થના કરીને તેઓના નિવૃત્તિકાળનાં જીવનને પ્રભુ ખૂબ જ આશિષમય કરે એ કૃપા માંગવામાં આવી. શ્રી રાજુભાઈ તરફથી બ્રાંચને રૂા. ૧૦૦૦/- દાન મળેલ છે. ઉત્તમ દાનને માટે બ્રાંચ કુટુંબનો આભાર માને છે.

(૯) મણીનગર બ્રાંચના પરિવાર સભ્ય તથા ટ્રસ્ટી મંડળના સભ્ય શ્રી એડ્વીનભાઈનાં સુપુત્ર બેનેટ, પુત્રવધુ બિનીતાબેન તથા પૌત્ર એરન ને ઓસ્ટ્રેલીયાનાં પી.

આર. મળતા શ્રી એડ્વીનભાઈ એફ. પરમાર તરફથી બ્રાંચને નોટો ચોપડા વિતરણ કાર્ય માટે રૂા. ૧૦૦૦/- દાન મળેલ છે. ઈશ્વરપિતા તેઓના બાળકોને ઓસ્ટ્રેલીયામાં આશિર્વાદીત કરે એ જ પ્રાર્થના બ્રાંચ કુટુંબનો આભાર માને છે.

(૧૦) મણીનગર બ્રાંચના સૌથી જૂના કારભારી શ્રીમતી વિરમતી એ. ક્રિસ્ટી તથા તેમનાં દિકરીને અમેરીકાનાં વિઝા મળતાં તેઓ તા.૦૨/૦૭/૧૯નાં રોજ અમેરીકા ગયેલ છે. જૂન માસમાં બ્રાંચના સભ્યો દ્વારા કુટુંબની મુલાકાત કરીને તેઓને શુભેચ્છા પાઠવવામાં આવી. બાઈબલ વાચન તથા પ્રાર્થના મારફતે તેઓની તંદુરસ્તી તથા સુખરૂપ પ્રવાસ માટે ઈશ્વરપિતાની સહાય માંગવામાં આવી તેઓ તરફથી જુન માસમાં ચોપડા વિતરણમાં રૂા. ૫૦૦૦/- તથા યુ.એસ.એ. પ્રવાસ માટે આભાર સ્તુતિ દાન રૂા. ૧૦૦૦/- આપેલ છે. પ્રભુ પિતા તેઓને આશિર્વાદિત કરે એ જ પ્રાર્થના.

(૧૧) બ્રાન્ચના દાતા સરલાબેન અને નોએલભાઈના દામ્પત્ય જીવનના ૩૫ વર્ષ પૂર્ણ થતાં રૂા. ૫૦૦/-નું આભારસ્તુતિ દાન મળેલ છે.

**હેલ્પીંગ હેન્ડસ મણિનગર બ્રાન્ચ દ્વારા શૈક્ષણિક સહાય કાર્યક્રમ ૨૦૧૯-૨૦ ચોપડા નોટબુક તથા સ્કોલરશીપ વિતરણ કાર્યક્રમના સમાચાર તા. ૦૮/૦૬/૨૦૧૯ શનિવાર**

હેલ્પીંગ હેન્ડસ મણિનગર બ્રાન્ચ દ્વારા જુન ૨૦૧૯ની તારીખ ૮/૬/૨૦૧૯નાં શનિવારનાં રોજ સાંજે ૪-૦૦ કલાકે મણિનગર સાલ્વેશન આર્મી ચર્ચ ખાતે આર્થિક રીતે નબળા કુટુંબોના બાળકોને માટે વિનામૂલ્યે ચોપડા તથા નોટબુકો તથા સ્કોલરશીપ વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં નર્સરી, જુનિયર કે.જી તથા સિનિયર કે.જી તથા ધોરણ ૧ થી ધોરણ ૧૨ સુધીના વિદ્યાર્થીઓ તથા ધોરણ ૧૨ પછીના કે ધો. ૧૦ બાદમાં વિવિધ અભ્યાસક્રમ કોર્ષમાં જેવા કે નર્સીંગ, ટેકનીકલ અભ્યાસ તથા કોલેજ અભ્યાસમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને ચોપડા-નોટબુકો તથા સ્કોલરશીપ વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કુલ - ૧૫૩ બાળકો વિદ્યાર્થી ભાઈ બહેનોને ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં પ્રમુખસ્થાને રેવ. ફિલિપ મેકવાન સાહેબ હતા. તેમના દિકરા તરફથી રૂા. ૫૦૦૦/-દાન મળ્યું છે. મણિનગર પલટણના કેપ્ટન શ્રી નિલેશ ચૌહાણ સાહેબ, ટ્રસ્ટ પ્રમુખ શ્રી એડવિનભાઈ તથા સંસ્થાના કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા.

આ કાર્યક્રમમાં કુલ રૂા. ૧૫૦૦૦/- (પંદર હજાર) જેટલી રકમની સ્કોલરશીપ પેટે વિતરણ કરવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન બ્રાન્ચ પ્રમુખ શ્રી જયંતિભાઈએ કર્યું હતું.

દાતા મિત્રો તથા પ્રભુ પિતાનાં સહકારથી ખૂબ જ સારી રીતે આ કાર્યક્રમ સફળ થયો હતો. એ માટે મણિનગર બ્રાન્ચ દાતા-મિત્રો તથા પ્રભુ પિતાનો ખૂબ આભાર માને છે.

**સી.ટી.એમ. બ્રાન્ચના સમાચાર**

**સેક્રેટરી વિનુભાઈ મારફતે (એપ્રિલ મે જૂન)**

**'એક અનોખો દુકાળ' (અમોસ : ૮ : ૧૧ : ૧૨)**

આપણા આદિ પિતાઓ ઈબ્રાહિમ ઈશાક અને યાકુબના સમયમાં ઘણા બધા દુકાળો પડ્યા જે દુકાળો અનાજ અને પાણીના હતા અને એ દુકાળોના સમયમાં આપણા આદિ સ્વજનોએ એક દેશથી બીજા દેશમાં ભટકવું પડતું હતું.

આ બધા દુકાળોમાં સૌથી મોટો અને લાંબા સમયનો દુકાળ યાકુબના સમયમાં જ્યારે તેનો દિકરો યુસુફ મિસરમાં હતો ત્યારે થયો હતો એમ એ બાઈબલમાં ઉત્પતિ : ૪૧ માં તેનું વર્ણન કરેલું છે.

એ હારૂન રાજાના સ્વપ્નમાં દુકાળનું દર્શન થયું હતું. અને યુસુફે એ સાત વર્ષના દુકાળનો ખુલાસો કર્યો હતો. યુસુફનું આ જ્ઞાન જોઈને હારૂન રાજાએ યુસુફને જ પોતાના રાજયનો ઉપરી બતાવ્યો (ઉત્પતિ ૪૧ : ૪૦) અને વહાલાઓ યુસુફે એ પુષ્કળતાના સાત વર્ષોમાં એટલો બધો અનાજનો સંગ્રહ કર્યો કે આવનાર દુકાળના સમયમાં લોકોને પુરૂ પાડી શકાય.

રૂથના પુસ્તકમાં નાઓમી અને તેનો પતિ તથા તેના બે દિકરા દુકાળને લીધે યહુદિયાથી મોઆબ માં જઈને વસ્યા હતા. અને ત્યાં તેઓનું ભરણ પોષણ થયું હતું.

આ દુકાળ વહાલાઓ ભૌતિક અને દૈહિક વાનાઓના દુકાળ હતા. અને એ દુકાળોમાં મનુષ્યોને માટે ઢોરઢાંકને માટે કોઈને કોઈ વ્યવસ્થાઓ થઈ શકી હતી અને ઈશ્વર પણ એ પુરૂ પાડવામાં મદદરૂપ થયા હતા. એ મિસર દેશને તથા આજુબાજુના તમામ દેશોને ખોરાક મળી રહે માટે યુસુફને મિસરમાં મોકલવાનું એ યહોવાહ દેવનું આયોજન હતું.

અહીંયા આપણે જે આ લેખના હેડીંગમાં લખેલો અનોખો દુકાળ એનો દેવના વચનનો દુકાળ વિષે જણાવ્યું છે અને ત્યાં વહાલાઓ એમ લખવામાં આવ્યું છે કે તેઓ સમુદ્રથી સમુદ્ર

સુધી ને ઉત્તરથી છેક પૂર્વ સુધી ભટકશે અહિંથી તહીં દોડાદોડ કરશે પણ તે વચન તોઓને મળશે નહિં. (આમોસ : ૮ : ૧૧ - ૧૨)

વહાલાઓ આ બહુ ગંભીર ચેતવણી છે કેમકે સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે કે આ વચન તમે દુનિયાના છેડે જશો પણ તમને મળશે નહિં અને વહાલાઓ તે સમયે તે આત્મિક દુકાળ ના લીધે કેટલાય લોકો નાશમાં જશે. મારી ઉંમર ૫૭ વર્ષની છે માટે મારી પેઢીના લોકો માટે કદાચ આવું ન બને પણ આવનાર આપણી પેઢી માટે આ વચન ખૂબ જ અગત્યનું છે માટે આપણી ફરજ છે કે, આવનાર આપણી પેઢીને પ્રભુના વચનોથી સજ્જ કરીએ એ વચનોની કિંમત સમજાવીએ કે જેથી એ પેઢી દેવના જીવંત વચનનો નો સંગ્રહ કરે મોઢે કરે એ વચનો પ્રમાણે જીવન જીવે કે જ્યારે અછતના સમયમાં એ સંગ્રહ કરેલા વચનો તેમના માટે જીવાદોરી બને.

આજે આપણી પાછળના પેઢી કે જે આધુનિક અને ટેકનોલોજીવાળી યાંત્રિક પેઢી આવનાર છે જેથી તેમના માં સંબંધોની કિંમત અરસપરસ લાગણીઓ કે પ્રેમ દયા તથા સંગત જેવી બાબતે જ નહિ હોય કેમકે, તેમની પાસે જીવંત દેવનું વચન નહિં હોય માટે વહાલાઓ આપણી ફરજ છે કે અત્યારથી જ આવનાર આપણા સંતાનો માટે પૂર્વ તૈયારી કરીએ.

કેમકે, પૃથ્વી ઉપર આપણા માટે તથા આવનાર પેઢી માટે આપણે ભૌતિક સગવડો બહુ જ વસાવી છે જેવી કે આલીશાન મકાનો હાઈફાઈ ગાડીઓ બેંક બેલેન્સ વગેરે. આ ધન વહાલાઓ આપણી સાથે આવવાનું નથી. કે આપણા બાળકોની સાથે આવવાનું નથી. જો આપણે આપણા સંતાનો ઉપર પ્રેમ કરીએ છીએ તો આપણે તેઓ પણ અનંત જીવનનો વારસો પામે માટે તૈયારી કરી લઈએ કેમકે, એક જ ધન એવું છે આપણા સંતાનો જે આપણી સાથે આવનાર છે શું એ ધનને તમે નરકની અગ્નિમાં સળગતું જોઈ શકશો ? ના તો વહાલાઓ આવો આપણે એ જીવંત વચનો આપણા સંતાનો ના મુખમાં મુકીએ કે તેઓ પણ આપણી સાથે વર્ગમાં હોય. અને ઈશ્વરનું તેડું આવે એ પહેલા આપણે આપણા સંતાનો માટે વચનો પ્રાર્થનાની ભેટ આપતા જઈએ કે તેઓ પણ માત્થી : ૨૫ : ૩૪ પ્રમાણે વારસદાર બને.

આમેન.

## શુભેચ્છા



આપણા પરિવાર સભ્ય નાઓમીબેન જયકુમાર મહિડા નો પુત્ર સુસ્મિત મહિડા જે યુ.એસ.એ. માં સેંટ જોશ સી.એ. ઈન્ટરનેશનલ ટેકનોલોજી યુનિવર્સીટીમાંથી કોમ્પ્યુટર સાયન્સ ની માસ્ટર ડીગ્રીમાં સફળતા પ્રાપ્ત કરેલ છે. અમો સી.ટી.એમ. બ્રાન્ચના સર્વ કાર્યકર્તાઓ દિકરા સુસ્મિત ને શુભેચ્છા પાઠવીએ છીએ તથા તે તેની કારકિર્દીમાં બહુ જ આગળ વધે અને પ્રભુ ઈસુના નામમાં આશીર્વાદિત થાય એવી અમારી પ્રાર્થના છે.

- અમારા પરિવાર સભ્ય અને દાનદાતા શ્રીમતી નાઓમીબેન જયકુમારભાઈના દિકરા સુસ્મિતે યુ.એસ.એ.માં કોમ્પ્યુટર સાયન્સની માસ્ટર ડિગ્રી મેળવી લીધી છે. અને સારી નોકરી પણ મળેલ છે. ઈશ્વરનો આભાર માનના દિકરાનો પહેલો પગાર ઈશ્વરના રાજ્યના બાંધકામ માટે દાનમાં આપેલ છે. જેમાં હેલ્પીંગ હેન્ડસ સી.ટી.એમ. બ્રાન્ચમાં રૂા. ૫૦૦૦ /- નું દાન આપેલ છે. અમારા ટ્રસ્ટ પ્રમુખ તથા બ્રાન્ચના કાર્યકર્તાઓએ મુલાકાત લઈ આભાર માન્યો હતો અને દિકરાની કારકિર્દી માટે પ્રાર્થના કરાવવામાં આવી હતી. તથા યુસુફના જીવન ઉપરથી ઉત્તમ સંદેશ પણ આપ્યો હતો.
- અમારા પરિવાર સભ્ય શારદાબેન સેમ્યુલભાઈના દિકરા સ્વપનીલને એક્સીડન્ટ થતા હાથમાં ફ્રેકચર થયેલ છે. સેક્રેટરી વિનુભાઈએ મુલાકાત લઈ પ્રાર્થના કરાવી હતી.
- અમારી બ્રાન્ચના લાભાર્થી બેન મર્સીબેન જેઓનું લાંબી માંદગી બાદ મરણ થયેલ છે. ઉપપ્રમુખ ગિલબર્ટભાઈ તથા સેક્રેટરી વિનુભાઈએ દફનક્રિયામાં હાજરી આપી ફૂલોથી છેલ્લી વિદાય આપી હતી.
- આંબેડકરનગરમાં રહેતા સેમ્યુલભાઈ દાઉદભાઈ ની દફનવિધીમાં પણ હાજર રહી ફૂલોથી વિદાયમાન આપ્યું હતું.
- અમારા દાનદાતા માર્થાબેન ડાભી તેમનો દિકરો અમીત ડાભી તેઓ પણ અમારા પરિવાર સભ્ય છે. તેમના દિકરા અમીત કે જેના પાછ્લા દિવસોમાં સર્જરી કરવામાં આવી

તેની મુલાકાત લઈ વચનો તથા પ્રાર્થનાઓ દ્વારા સાજાપણાની ખાત્રી આપેલ છે. રૂા. ૫૦૦/- આભારસ્તુતિ પેટે મળેલ છે.

❖ અબીબેન દેસાઈ જેઓ બિમાર છે તેઓની પણ મુલાકાત લઈ પ્રાર્થના કરવામાં આવી છે.

❖ જૂન મહિનામાં નોટબુક વિતરણ કરવામાં આવ્યું જે સાઉથ ગુજરાતમાં ૪ હોસ્ટેલો અને સ્કુલોમાં ગરીબ બાળકોને નોટબુક વિતરણ કરવામાં આવ્યું આ પ્રોગ્રામમાં ટ્રસ્ટના હોદ્દેદારો સાથે સી.ટી.એમ. બ્રાન્ચમાંથી સેક્રેટરી વિનુભાઈ તથા કો. સેક્રેટરી જસ્ટીન કોની પણ ગયા હતા.

❖ અમારી બ્રાન્ચમાં જસ્ટીનકોનીએ નોટબુક વિતરણ માટે સારું દાન રૂા. ૪૦૦૦૦/-એકત્રીત કરેલ છે તથા મણિબેન હેન્રીએ પણ ૩૫૦૦૦/- રૂપિયા દાન જમા કરાવેલ છે.

### સરસપુર બ્રાંચ સમાચાર

સેક્રેટરી શ્રી પ્રબોધકુમાર ડી. સોલંકી

હે. હે. પરિવાર સભ્ય અને શુભેચ્છક તરફથી પ્રભુના અગણિત આશિર્વાદોને યાદ કરી ખાસ દાન આપનાર

(૧) સુમનચંદ્ર તીમોથીભાઈ ક્રિશ્ચિયન રૂા. ૧૦,૦૦૦/-

(૨) રેખા બેન ચૌહાણ રૂા. ૧૦,૦૦૦/-

(૩) મોનાલીસા દીપેનભાઈ ચૌહાણ રૂા. ૧૦,૦૦૦/-

(૪) કેલ્વિન એલીયાઝરભાઈ ક્રિશ્ચિયન દિકરી પર્લની બર્થડે નિમિત્તે આભારસ્તુતિ રૂા. ૧૦૦૦/-

(૫) જ્યોર્જભાઈ પોલ ક્રિશ્ચિયન અને લલીતાબેન જ્યોર્જ ક્રિશ્ચિયન ગત દિવસોમાં પ્રભુએ ઈઝરાયેલ દેશની પવિત્ર ભૂમિની યાત્રા સફળતાપૂર્વક પૂર્ણ કરાવી તેથી ખાસ દાન રૂા. ૧૨૦૦/-

(૬) હે.હે. પરિવાર સભ્ય શ્રીમતી હંસાબેન પીટરભાઈ ચૌહાણને ગત દિવસોમાં હાથનું ફ્રેક્ચર થયેલ જેથી સાજા પણા માટે પ્રાર્થના કરવા વિનંતી.

(૭) સરસપુર બ્રાંચના કારભારી શ્રી વિક્ટરભાઈ કે. ક્રિશ્ચિયનની સુપુત્રીને ધો. ૧૨ સાયન્સ પ્રવાહમાં ૯૪% માર્કસ મેળવેલ છે. જે બદલ હાર્દિક અભિનંદન.

(૮) પરિવાર સભ્ય શ્રી પ્રભાકરભાઈ તથા શૈલાબેન ક્રિશ્ચિયન સ્વસ્તિક બંગલોની ૩૧ મી મેરેજ એનિવર્સરી નિમિત્તે ખાસ દાન રૂા. ૧૦૦/- આપેલ છે. દાંપત્ય જીવનની શુભેચ્છાઓ.

(૯) બ્રાંચ સેક્રેટરીની પુત્રી શ્વેતા સોલંકી તથા શૈલૈષ મેકવાનની પ્રથમ મેરેજ એનિવર્સરી તા.૧૬/૬/૧૯ નિમિત્તે રૂા. ૧૦૦/- દાન મળેલ છે. લગ્નજીવન આશિર્વાદિત નીવડે એવી શુભેચ્છા.

(૧૦) બ્રાંચ સેક્રેટરીના જમાઈ શ્રી શૈલેષ મેકવાનની (યુ.કે.) બર્થ ડે તા. ૧૯/૬/૧૯ નિમિત્તે આભાર સ્તુતિ દાન રૂા. ૧૦૦/- મળેલ છે. આભાર.

### બહેરામપુરા બ્રાંચ સમાચાર

❖ બ્રાંચ સેક્રેટરી રમેશભાઈ પી. ક્રિશ્ચિયનના નાના પુત્ર સુનિલ આર ક્રિશ્ચિયનને વારંવાર પથરીનો દુખાવો થતા તેને તપન હોસ્પિટલ ખાતે સેટેલાઈટમાં દાખલ કરાતા ત્યાં ડો. ઓપરેશન કરવા કહ્યું ઓપરેશન સફળ થાય માટે પ્રાર્થના.

❖ કારભારી શ્રી શિશિલ્યાબેનના જીવનમાં પ્રભુ પિતાએ ૭૫ વર્ષ સુધી સાચવી સંભાળી રાખ્યા અને ૭૬ માં વર્ષમાં પ્રવેશતા પ્રભુ તેમને સુખી નિરોગી રાખે માટે પ્રાર્થના કરશો.

❖ ઈશ્વરે એફ્રાઈમભાઈના જીવનમાં અકલ્પનિય આશિષ આપતા તેઓ પુત્રીને મળવા ગયા હતા ત્યાં પુત્રીને પુત્રીને દાન મળતા તેની મુલાકાત કરી પત્ની નયનાબેનને ત્યાં રોકાયા છે અને એફ્રાઈમભાઈ વ્યવસાય અર્થે જોડાયેલા હોઈ સુખરૂપ યુ.એસ.એ. થી સ્વદેશ આવી ગયા છે. પ્રભુ તમામ પરિવારને અને નવજાત બાળકીને આશિષ આપે એ જ પ્રાર્થના.

❖ પ.સ. પ્રફુલ્લાબેનના પતિ માઈકલભાઈ છેલ્લા ઘણા સમયથી પથારીવશ હોઈ ઈશ્વર તેમને સાજાપણુ આપે માટે પ્રાર્થના કરવા વિનંતી.

❖ પ.સ. જીતેન્દ્રભાઈ તથા પુત્ર અર્પણને પગમાં તકલીફ હોઈ પિતા પુત્ર માટે પ્રાર્થના કરવા વિનંતી.
કારભારી શ્રી પરસોત્તમભાઈ તથા પત્ની મણીબેન બંન્નેને પ્રભુ તંદુરસ્તી આપે માટે પ્રાર્થના વિનંતી.

### નડીયાદ બ્રાન્ચ

#### જોન્સન સેમ્યુલ મેકવાન મારફતે

(૧) હસમુખ એ મેકવાન ભાઈના ત્યાં પુત્રદાન મળવા બદલ ૫૦૦/- આ સ્તુતિ દાન. પ્રભુ દિકરાને આશીર્વાદિત કરે.

(૨) હસમુખભાઈ એ. મેકવાનના મોટાભાઈના અવસાન

નિમિત્તે હે. હેન્ડસ પરીવારે હાજરી આપી પ્રાર્થના કરાવી દીલાસો આપ્યો હતો. દીલાસાની પ્રાર્થના સભામાં હે. હે. પરીવારને ૫૦૦/- રૂા. દાન આપેલ છે. દુઃખિત પરિવારને દીલાસા માટે આપની પ્રાર્થનામાં ધરી રાખશો.

(૩) સુદીપ દીપક વાડીયા (મુંબઈ) ને અંકલેશ્વર ખાતે એન્જીનીયરીંગ કોલેજમાં લેકચરર તરીકે જોબ મળવાથી ૨૦૦/-દાન હે. હે. નડીયાદ ને આપેલ છે. પરીવાર તેમને શુભેચ્છા પાઠવે છે.

(૪) ઈસ્ટર રાહત કીટસ માટે નીચે પ્રમાણે રકમનું દાન મળેલ છે.

| | | |
|---|---|---|
| અનંતાબેન જયદીપ સોલંકી | ૫૦૦ | ૧ કીટ્સ |
| જોસ્લીન આશિષ ક્રિશ્ચિયન | ૨૦૦૦ | ૪ કીટ્સ |
| અર્પિત જયતિભાઈ ક્રિશ્ચિયન | ૧૦૦૦ | ૨ કીટ્સ |
| હસમુખ એ. મેકવાન | ૫૦૦૦ | ૧૦ કીટ્સ |
| રીચાર્ડ પોલ મોજીસ **(USA)** | ૨૫૦૦ | ૫ કીટ્સ |
| જોલી રોબીનસન મેકવાન | ૨૫૦૦ | ૫ કીટ્સ |
| | કુલ | ૨૭ કીટ્સ |

(૫) નડિયાદ હેલ્પીંગ હેન્ડસ બ્રાન્ચ તરફથી ચાલુ શૈક્ષણિક વર્ષમાં ટ્રસ્ટ મારફતે છાપેલ ચોપડા ૩૦૦ ડઝન મંગાવી તેનું ગરીબ પરિવારોમાં વિતરણ કરવામાં આવ્યું. ૧ ડઝનનો ભાવ રૂા. ૧૨૦/-લેખે વિતરણ કરવામાં આવ્યું. આ કાર્યમાં બ્રાન્ચના તમામ કાર્યકરોએ ખૂબ જ સાથ અને સહકાર આપ્યો અને ખૂબ જ ટુંકા સમયમાં ચોપડાનું વિતરણ કરી શક્યા જે કાર્યકરોને આભારી છે. સૌ કાર્યકરોનો ખૂબજ આભાર માનવામાં આવે છે.

- ❖ ક્રિશ્ચિયન દીપકભાઈ હિંમતભાઈ કેરીપુર રૂા. ૫૦૦૦/- શૈક્ષણિક સહાય પેટે ચૂકવ્યા
- ❖ ગામ ઉત્તરસંડાના રહીશ રવિન્દ્રભાઈ પ્રભુદાસ મકવાણાને શૈક્ષણિક સહાય માટે રૂા. ૪૦૦૦/- મદદ. પ્રભુ તેમના અભ્યાસને આશીર્વાદિત કરે.
- ❖ ગામ અલીણાના રહીશ સિલાસભાઈ લીંબાભાઈ ખ્રિસ્તી આંખોના ઓપરેશન માટે મેડિકલ સહાય રૂા. ૫૦૦૦/- આપ્યા.
- ❖ સુરેશભાઈ મગનભાઈ મેકવાન મુ. ઠાસરા કેન્સરના ઓપરેશનમાં રૂા. ૫૦૦૦/-મેડિકલ સહાય કરવામાં આવી. પ્રભુ તેમને સાજાપણું આપે.
- ❖ શાંતિલાલ ગોવિંદભાઈ પરમાર ગામ સોડપુર દીકરી ભૂમિકાને નર્સિંગના અભ્યાસમાં ફી ભરવા માટે રૂા. ૫૦૦૦/- શૈક્ષણિક સહાય
- ❖ ઓગષ્ટાબેન રતિલાલ મેકવાન તેમના ભાઈ અબ્દુલભાઈ અયુબભાઈને માથામાં હેમરેજ થવાથી મેડિકલ ચેકઅપ પેટે રૂા. ૩૦૦૦/-મદદ કરી.
- ❖ એલિનોર ઈમાનુએલ ખ્રિસ્તી પ્રગતિનગર લોહીના બાટલા ચઢાવવા મેડિકલ સહાય રૂા. ૩૦૦૦/-મદદ કરી.
- ❖ સ્ટેલા રવિન્દ્રભાઈ પરમાર સોડપુર રૂા. ૫૦૦૦/- શૈક્ષણિક સહાય નર્સિંગ અભ્યાસ માટે આપ્યા.
- ❖ ગામ મોંઘરોલીના રહીશ રસિકભાઈ સોમાભાઈ ખ્રિસ્તીનો દીકરો મંદબુદ્ધિનો હોવાથી તેની હોસ્ટેલ ફીના રૂા. ૫૦૦૦/-શિક્ષણના ખર્ચ પેટે આપ્યા.
- ❖ પ.સ. શ્રી ક્રિસ્પસભાઈ જોનભાઈ ખાનકરની સુપુત્રી કુ. એલેક્ષીબેન તરફથી ઈસ્ટર વખતે અનાજની કીટ વહેંચણી પેટે રૂા. ૨૫૦૦/-
- ❖ પ.સ. શ્રી અશોકભાઈ કે. મેકવાન માટે પ્રભુકૃપાએ એક્ટિવા વાહન પૂરું પાડવા બદલ આભારસ્તુતિ દાન રૂા. ૧૦૦/-
- ❖ પ.સ. રજનીકાંતભાઈ આર. ક્રિશ્ચિયનના કુટુંબ માટે પ્રભુકૃપાએ ફોરવ્હીલ સાધન પૂરું પાડવા બદલ આભાર સ્તુતિ દાન રૂા. ૧૦૦/-
- ❖ પ.સ. શ્રી કમલેશભાઈ ડી. પટેલીયા તરફથી ઈસ્ટર વખતે અનાજ કીટ પેટે રૂા. ૫૦૦/-
- ❖ પ.સ. શ્રી રમણભાઈ જે. ખ્રિસ્તી અને શ્રી રાહેલબહેન રમણભાઈ ખ્રિસ્તીના પ્રભુકૃપાએ લગ્ન જીવનના સુખમય દામ્પત્ય જીવનના ૫૦ વર્ષ પૂર્ણ થવા બદલ આભારસ્તુતિ દાન રૂા. ૧૦૦૦/-પ્રભુ દામ્પત્યજીવનને આશીર્વાદિત કરે.

### આણંદ બ્રાંચના સમાચાર

વડોદરા બ્રાંચના કાર્યકર શ્રી ઈશ્વરભાઈ કે. ક્રિશ્ચિયન તા. ૧૪-૦૬-૨૦૧૯ ના રોજ પ્રભુમાં ઉંઘી ગયા તે પ્રસંગે આણંદ બ્રાંચ સેક્રેટરી શ્રી વિઠ્ઠલભાઈ કે. પરમાર સ્વર્ગસ્થની દફનક્રિયામાં હાજર રહ્યા હતા અને બ્રાંચ પ્રમુખ શ્રી સેમ્યુલ.

એચ. ક્રિશ્ચિયન તેમનાં ધર્મપત્ની શ્રીમતી કનકલતાબેન ક્રિશ્ચિયન તથા ટ્રેઝરર શ્રી પી.કે. પરમારે પણ દુઃખિત કુટુંબીજનોની મુલાકાત લઈ તથા પ્રાર્થના દ્વારા દિલાસો પૂરો પાડ્યો હતો.

હેલ્પીંગ હેન્ડસ ટ્રસ્ટ દ્વારા આણંદ બ્રાંચને મળેલ ૨૫ ડઝન ચોપડા સાલ્વેશન આર્મી, આણંદમાં હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતી દિકરીઓ તથા દિકરાઓને વહેંચવામાં આવ્યા હતા. આ પ્રસંગે આણંદ બ્રાંચ પ્રમુખ શ્રી શેમ્યુલ એચ. ક્રિશ્ચિયન ટ્રેઝરર શ્રી પી. કે. પરમાર મેજર અનિલભાઈ અને મેજર રમેશભાઈ ઉપસ્થિત રહ્યા હતા.

શેમ્યુલ એચ. ક્રિશ્ચિયન-પ્રમુખ

## વડોદરા બ્રાંચના સમાચાર

(૧) આપણા પ.સ. શ્રી અશ્વિનભાઈ આઈ. મેકવાન તથા શારદાબેનના લગ્ન જીવનના ૫૦ વર્ષ પૂર્ણ કરેલ છે. ઈશ્વરપિતાનો આભાર માનતાં રૂા. ૫૦૦/-નું ઉત્તમ દાન તેઓના તરફથી મળેલ છે. ઈશ્વરપિતા આવનાર વર્ષોમાં પુષ્કળ આશીર્વાદિત કરે એ જ પ્રાર્થના શુભેચ્છા-અભિનંદન.

(૨) પ.સ. શ્રીમતી શાંતાબેન એમ. રાઠોડ ભારતમાં વસતા વ્હાલાઓની મુલાકાત લઈ સુખરૂપ અમેરિકા પહોંચી ગયેલ છે. તેઓના તરફથી મળેલ ઉત્તમ સહકાર માટે ઈશ્વરપિતાનો પુષ્કળ આભાર માનીએ છીએ. તેઓનું ત્યાં રહેવું પુષ્કળ આશીર્વાદિત કરે એજ પ્રાર્થના શુભેચ્છા.

(૩) પ.સ. શ્રી અંકુર નિમ્સી ક્રિશ્ચિયન ભારત આવી સુખરૂપ પરત કેનેડા પહોંચી ગયેલ છે. ત્યાં પરિવાર સાથે રહેવું ઈશ્વરપિતા આશીર્વાદિત કરે એજ પ્રાર્થના શુભેચ્છા.

(૪) પ.સ. શ્રી હિમાંશુ પી. સકસેના ભારત આવી સુખરૂપ પરત કુટુંબ સહિત અમેરિકા પહોંચી ગયેલ છે. પરિવાર સાથે ત્યાં રહેવું ઈશ્વરપિતા પુષ્કળ આશીર્વાદિત કરે એજ પ્રાર્થના શુભેચ્છા.

(૫) આપણા કારોબારી સભ્ય શ્રી પ્રકાશભાઈ એમ. સકસેના પૃથ્વી પરનું આશીર્વાદિત જીવન જીવી ઈશ્વરપિતાની ગોદમાં સદાના વિસામામાં ઉંઘી ગયેલ છે. પરિવારને પડેલી મોટી ખોટ ઈશ્વરપિતા સ્વર્ગીય અને આત્મિક દિલાસાથી ભરપૂર કરે. આ સમયે હેલ્પીંગ હેન્ડસ પરિવાર પણ દુઃખની લાગણી અનુભવે છે. મધુબેન તથા હિમાંશુના કુટુંબને પ્રાર્થનામાં ધરી રાખશો.

(૬) પ.સ. તેમજ ભૂતપૂર્વ સેક્રેટરી શ્રી નિમ્સી કે. ક્રિશ્ચિયન પ્રભુમાં ઊંઘી ગયેલ છે. ઈશ્વરપિતા આ દુઃખિત કુટુંબને તેનો સ્વર્ગીય અને આત્મિક દિલાસો પૂરો પાડે. તેમના સમગ્ર કુટુંબ માટે પ્રાર્થના કરશો.

(૭) આપણા કારોબારી સભ્ય શ્રી ઈશ્વરભાઈ કે. ક્રિશ્ચિયન પૃથ્વી પરનું આશીર્વાદિત જીવન જીવીને પ્રભુના તેડાવ્યા તેમની ગોદમાં સદાના વિસામામાં ઉંઘી ગયેલ છે. તેઓના જવાથી કુટુંબમાં પડેલી ખોટ ઈશ્વરપિતા તેઓના સ્વર્ગીય અને આત્મિક દિલાસાથી ભરપૂર કરે એ જ પ્રાર્થના. આ સમયે

હેલ્પીંગ હેન્ડસ પરિવાર પણ દુઃખની લાગણી અનુભવે છે. ઈશ્વરભાઈના સમગ્ર કુટુંબને પ્રાર્થનામાં ધરી રાખશો.

(૮) પ.સ. શ્રી વિકાસકુમાર મેકવાન તથા રીયા ના પુત્ર ચિ. પ્રેયસને કે.જી.-બી.માં ઉત્તિર્ણ થઈ ધોરણ ૧માં પ્રવેશ મળવા બદલ રૂા. ૧૦૦૦/-આભાર સ્તુતિ દાન મળેલ છે. ઈશ્વરપિતા ચિ. પ્રેયસને અનેકવિધ આશીર્વાદથી વેષ્ટિત કરે એ જ શુભેચ્છા અભિનંદન.

(૯) પ. સ. શ્રી વિકાસકુમાર મગનલાલ મેકવાન ભરૂચ (વાલીયા)થી ની વડોદરા સીટી આરએબીમાં બદલી થવાથી રૂા. ૧૦૦૦/-આભારસ્તુતિ દાન મળેલ છે. ઈશ્વરપિતા કુટુંબને અનેક આશીર્વાદથી વેષ્ટિત કરે એ જ પ્રાર્થના શુભેચ્છા અભિનંદન.

(૧૦) પ. સ. શ્રી સેમસનભાઈ ટી. ક્રિશ્ચિયન તથા હંસાબેન તરફથી રૂા. ૫૦૦/-આભાર સ્તુતિ દાન મળેલ છે. ઈશ્વરપિતા કુટુંબને અનેકવિધ આશીર્વાદથી વેષ્ટિત કરે અને સારી તંદુરસ્તી બક્ષે એ જ પ્રાર્થના શુભેચ્છા.

**: ઓફિસ ટાઈમ :**

**સવારે ૧૦-૦૦ થી ૧૨-૦૦**

**સાંજે ૫-૩૦ થી ૭-૦૦**

**રમેશભાઈ એલ. ક્રિશ્ચિયન મારફતે**

| | |
|---|---|
| ઈમાનુએલ સી.ઠક્કર | ૨૦૦ |
| બિન્દુ ઈ. ઠક્કર | ૨૦૦ |
| આશિષ ઠક્કર | ૨૦૦ |
| નયના એસ. ગુર્જર | ૨૦૦ |
| સેમ્યુલભાઈ વાય. ક્રિસ્ટી | ૧૦૦ |
| અર્નેષ્ટ ડબલ્યુ. પટેલ | ૧૦૦ |
| નિકિતા કે. ક્રિસ્ટી | ૨૦૦ |
| કિરીટભાઈ એન. ક્રિસ્ટી | ૨૦૦ |
| રૂથબેન એસ. મેકવાન | ૨૦૦ |
| પ્રીતિ સિલાસભાઈ પરમાર | ૧૦૦ |
| ઈમાનુએલ એસ. પરમાર | ૧૦૦ |
| વિક્ટર ડી. ગોહિલ | ૧૦૦ |
| સેમસન એસ. સોલંકી | ૨૦૦ |
| યુનાભાઈ જે. પગી | ૨૦૦ |
| શૈલેષ એલ. અર્નેષ્ટ | ૨૦૦ |
| નિલેશ અર્નેષ્ટ | ૧૦૦ |
| વિનોદસુંદરી કાપડિયા | ૧૦૦ |
| સવિતાબેન એમ. ક્રિશ્ચિયન | ૧૦૦ |
| રજનીકાન્ત જી. ક્રિશ્ચિયન | ૨૦૦ |
| કિરણબેન એસ. ચૌહાણ | ૩૦૦ |
| સુનિલ જે. મરચંટ | ૨૦૦ |
| દક્ષાકેરોલિન જે. રાઠોડ | ૪૦૦ |
| લુક્યિસ આર. રાજપૂત | ૨૦૦ |
| રવિના એમ. મેકવાન | ૨૦૦ |
| પ્રિસ્કીલાબેન પી. દાસ | ૧૦૦ |
| બિપીનભાઈ જે. રાઠોડ | ૨૦૦ |
| મણિભાઈ ખ્રિસ્તી | ૧૦૦ |
| જૈતુનબેન પ્રભાકર | ૧૦૦ |
| દર્શનાબેન એસ. ખ્રિસ્તી | ૧૦૦ |
| શાન્તિલાલ પરમાર સાહેબ | ૧૦૦ |
| રમેશભાઈ એલ. ક્રિશ્ચિયન | ૧૦૦ |
| સુનામીબેન આર. ક્રિશ્ચિયન | ૧૦૦ |

**રજનીકાન્ત આઈ. ક્રિશ્ચિયન મારફતે**

| | |
|---|---|
| નિશાબેન સિમીતભાઈ કુંજરાવીયા | ૩૦૦ |
| જેનિફર મોલિન્સ ગાલિક | ૧૦૦ |
| શિરીષભાઈ તથા જ્યોત્સનાબેન | ૫૦૦ |
| વિલ્સન સી. ગાલિક | ૨૦૦ |
| કેવિન ડબલ્યુ. ગાલિક | ૨૦૦ |
| ક્વિન્જલ જીવનપ્રકાશ ક્રિશ્ચિયન | ૨૦૦ |
| રજનીકાન્ત આઈ. ક્રિશ્ચિયન | ૨૦૦ |
| કેતન આર. ક્રિશ્ચિયન | ૭૦૦ |
| સુહાસિનીબેન યશવંત દીપક | ૩૦૦ |
| સેમસન ટી. ક્રિશ્ચિયન તથા હંસાબેન | ૬૦૦ |
| સ્ટેલા એસ. મેકવાન | ૪૦૦ |
| સ્ટેલીન એસ. સોલંકી તથા માધુરીબેન | ૨૦૦ |
| સી. આઈ. મેકવાન - શાંતાબેન | ૨૦૦ |
| સંજય સી. મેકવાન તથા મોનિકાબેન | ૨૦૦ |
| એન્થનીભાઈ સી. ગાલિક | ૧૦૦૦ |
| ગુણવંતીબેન વિનોદ શાહ | ૨૦૦ |
| વિકાસ મેકવાન અને રીયાબેન | ૫૦૦ |

**ઈશ્વરભાઈ કે. ક્રિશ્ચિયન મારફતે**

| | |
|---|---|
| ઈશ્વરભાઈ કે. ક્રિશ્ચિયન | ૨૦૦ |
| શોભનાબેન એસ. મેકવાન | ૨૦૦ |
| લિનસભાઈ ટી. ક્રિશ્ચિયન | ૨૦૦ |
| દરકાસબેન એલ. પરમાર | ૨૦૦ |
| રાજેશ કે. માસ્ટર | ૧૦૦ |
| અરવિંદ એમ. પરમાર | ૧૦૦ |
| મનુભાઈ એમ. ખ્રિસ્તી | ૨૦૦ |
| પિયુષ એસ. પરમાર | ૧૦૦ |
| સિલ્વાનસ પી. ક્રિશ્ચિયન | ૧૫૦ |
| અશોકભાઈ ગોવિંદભાઈ ખ્રિસ્તી | ૧૦૦ |
| સુરેશભાઈ ડી. મેકવાન | ૨૦૦ |
| નિહારીકાબેન એસ. પરમાર | ૨૦૦ |
| ચંદુભાઈ જી. ક્રિશ્ચિયન | ૨૦૦ |
| મહેન્દ્રભાઈ જે. રાઠોડ | ૨૦૦ |
| મુકેશભાઈ એચ. પરમાર | ૨૦૦ |
| સેમ્યુલભાઈ એમ. પરમાર | ૧૦૦ |
| યાકુબભાઈ એ. ક્રિશ્ચિયન | ૩૦૦ |
| યોહાનભાઈ એસ. ગોહિલ | ૧૦૦ |
| રાજીવ ભગત | ૧૦૦ |
| અનિલભાઈ ડી. ક્રિશ્ચિયન | ૧૦૦ |
| જ્હોન એસ. સુવાર્તિક | ૧૦૦ |
| અરવિંદ એમ. ખ્રિસ્તી | ૧૦૦ |

**પ્રાર્થન એચ. મેકવાન મારફતે**

| | |
|---|---|
| હસમુખભાઈ એમ. મેકવાન | ૧૨૦૦ |
| પ્રાર્થન એચ. મેકવાન | ૧૨૦૦ |
| સોનુ ક્રિશ્ચિયન | ૨૦૦ |
| રમણભાઈ પરમાર | ૧૦૦ |
| ધર્મેન્દ્ર કાપડિયા | ૨૦૦ |
| વિઝન ટેક | ૫૦૦૦ |

## દાન માટેની અપીલ

જો તમે હેલ્પીંગ હેન્ડસ ટ્રસ્ટને દાન આપવા માંગો છો તો તમે નીચે દર્શાવેલ બેંકમાં સીધેસીધું દાન જમા કરાવી શકો છો. ચેક **"THE HELPING HANDS CHRISTIAN PUBLIC CHARITABLE TRUST"** ના નામે આપી શકો છો. આપનું દાન ઈન્કમટેક્ષ ૮૦ (જી) હેઠળ કરમુક્ત છે.

Income Tax Exemption No. AATT 9659G/01/14-15/T001/80G (5) Dated 25-11-2014

ટ્રસ્ટ બેંક એકાઉન્ટની વિગતો

**DENA BANK**

Maninagar East, Ahmedabad-380008 India, Gujarat

**SB/AC NO. : 059010027768 IFSC CODE : BKDN0110590 MICR : 380018023**

દાન જમા કરાવ્યા બાદ મો. : **09328925734,07567988151** કે **09924704697** પર ફોન દ્વારા માહિતી આપશો જેથી આપની રસીદ મોકલી શકાય.